# जवाहर नवोदय विद्यालय
## सामयिक कसौटी-2 (2024)

**कक्षा-9 (MIGRATION)** **विषय - गुजराती** **अंक - 40**

**પ્રશ્ન:૧ નીચેનાગદ્યખંડને વાંચી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.** **05**

હવાનું પ્રદૂષણ,પાણીનું પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતું જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં, શાળામાં, સભામાં કે રમતના મેદાન પર મોટેથી વાતો કરવી એ ખરાબ ટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો શિષ્ટાચારની વિરુદ્ધછે. નવરાત્રિ કેલગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનના પડદા તોડી નાખેએવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. શું અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ આપણા હાથની વાત નથી? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર,શાળા,સભા કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો -

1. આપણા સહુ માટે ચિંતાનું કારણ શું છે?
   A હવાનું પ્રદુષણ B પાણીનું પ્રદુષણ Cહવા પાણી અને અવાજનું પ્રદૂષણ
2. કયા પ્રસંગોએ રાતે મોડા સુધી લાઉડસ્પીકરનો ઉપયોગથાય છે?
   A નવરાત્રી B લગ્ન પ્રસંગે C બંને
3. શું કરવું શિષ્ટાચારની વિરુદ્ધ છે?
   A મોટેથી રેડિયો વગાડવો B ટીવીનો અવાજ વધારે રાખવો C બંને
4. લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કેવો આવાજ આવે છે ?
   A ગરબાનો B ડી. જે. નો C કાનના પડદા તોડી નાખે એવો
5. આ ફકરામાં કઈ સમસ્યાનો ઉકેલ છે ?
   A ઘોંઘાટની B મુશ્કેલીની C પ્રદૂષણની

**પ્રશ્ન-2 નીચેના પદ્યને વાંચી તેની નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.** **05**

બા બેઠી તી રસોઈ કરવા
લઈ એ પડનો લાહવો
જટા બનાવી ભભૂત લગાવી
બચુ બન્યો ત્યાં બાવો ....
બમ બમ ભોલા અલખ નિરંજન
હું છું ખાખી બાવો !
ભિક્ષા માટે આવ્યો મેયા !
ચપટી આટો લાવો
રસોઈ એવી કશી ખપે ના,
નહી મીઠાઈ- માવો ,
વૈરાગી ને ભોજન સાધુ ...
ખીચડી આટો ખાવો ...
પૈસા ,કપડા કઈ ના જોઈએ

પ્રશ્નો –

1.બા શું કરવા બેઠી હતી ?

અ.જમવા બેઠી    બ.રસોઈ કરવા    ક.વાતો કરવા    ડ.દળવા

2.બાળક શું બન્યો ?

અ.ખાખી બાવો    બ.લાલ બાવો    ક.રસોઈ વાળો    ડ.સાધુ

3.બાવો શા માટે આવ્યો હતો ?

અ.જ્ઞાન આપવા    બ.ભિક્ષા માટે    ક. ભજન કરવા    ડ.ધન માંગવા

4.ખાખી બાવાને શું નથી જોઈતું ?

અ.પૈસા ,કપડા    બ. ખીચડી    ક.આટો    ડ. ભિક્ષા

5. આટો એટલે શું ?

અ.લોટ    બ.મીઠાઈ    ક.ફળ    ડ.ભોજન .

**પ્રશ્ન-3 નીચે આપેલ ચિત્રને જોઇને આપેલા પ્રશ્નોના જવાબ લખો (૧૦)**



CS Scanned with CamScanner

પ્રશ્નો-

૧) આપેલ ચિત્રમાં કુલ કેટલી ગાય દેખાય છે ?

૨) આપેલ ચિત્રમાં સ્ત્રીનાં માથા પર કેટલાં માંટલા દેખાય છે ?

૩) આપેલ ચિત્રમાં રસ્તા પાસે કોની દુકાન દેખાય છે ?

૪) આપેલ ચિત્રમાં કેટલી ઓટોરિક્ષા દેખાય છે ?

૫) આપેલ ચિત્રમાં કુવામાંથી કુલ કેટલી સ્ત્રી પાણી ભરતી દેખાય છે ?

૬) ચબૂતરા પાસે કોણ ઉભુ છે ?

૭) આપેલ ચિતમાં તળાવમાં કેટલાં બતક તરતાં દેખાય છે ?

૮) આપેલ ચિત્રમાં સાઇકલ પર કેટલી સવારી બેસેલ છે ?

૯) આપેલ ચિત્રમાં કેટલા વૃક્ષ નજરે પડે છે ?

૧0) આપેલ ચિત્ર કઇ જગ્યાનું દેખાય છે ?

**પ્રશ્ન:4 નીચેનાપ્રશ્નોનાં વિકલ્પમાંથી સાચા જવાબ આપો. 05**

1.'ક્ષમા –સિંધુને વંદન હો'એટલે ...

A. દરિયા દેવને નમસ્કાર હો.

B. દરિયા દેવને ક્ષમા આપવા બદલ પ્રણામ

C. ક્ષમાના સાગરને નમન હો .

2.' સદા અમારા અંતરમાં 'એટલે ...

A. અન્ય સાથે અંતર રાખવું

B. હમેશા અમારા હદયમાં રહો .

C.સદા અંતર રાખીને રહો .

3. શેઠનો હાથ બંધાઈ ગયો હતો.

A.શેઠથી પૈસો વપરાતો નથી .

B.શેઠ બિનજરૂરી ખર્ચ કરતાં હતા.

C.શેઠ હાથથી કોઈ કામ કરી શકતા નહોતા .

4. તમે તો આ દુખીયારના બેલી છો .

A. તમે આ દુઃખી વ્યક્તિઓ પ્રત્યે ઉદાર છો .

B. તમે આ દુઃખી વ્યક્તિઓ ના ગુનેગાર છો .

C. તમે આ દુઃખી વ્યક્તિઓના આગેવાન છો .

5. વાડીનો પીપળો ‘બોડી પીપળો ‘તરીકે ઓળખાય છે કારણકે ..

A.બોડી પીપળા નીચે જ બેસતી .

B. બોળીને પીપળા નીચે દાટી હતી .

C. બોળીને પીપળા નીચે જ બાંધતા .

**પ્રશ્ન-5 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચના એક એક વાક્યમાં જવાબ લખો. 05**

(૧)’ પ્રાણીમાત્રને ‘ કાવ્યમાં ક્યા ક્યા મહામાનવોનો ઉલ્લેખ થયો છે ?

(૨) ડોકટરે કોની મદદ થી દવાખાનું શરુ કર્યું ?

(૩) લેખકની ગાયનું નામ શું હતું ?

(૪) લેખકની ગાય ટંકે કેટલું દૂધ આપતી હતી ?

(૫) ગામથી સ્ટેશન કેટલું દુર હતું

(૬) કવિએ કોને ‘ક્ષમાસિંધુ ‘કહ્યા છે ?

**પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણના ટુકમાં જવાબ લખો 06**

(૧) ’ પ્રાણીમાત્રને કાવ્યનો મુખ્ય સંદેશો શો છે ?

(૨) શેઠાણીનો ભીખાશેઠ માટે શો મત હતો ?

(૩) ડોક્ટરને પોતાની નિમણુંક કાળા પાણીની સજા જેવી કેમ લાગી ?

(૪) બોડી ગાયના મુત્યુ પછી લેખકનાં બાએ શું કર્યું છે ?

**પ્રશ્ન-7 નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો. 02**

(૧) પસંદ (૨) ન્યાય (૩) ખરું (૪) ગરીબ

**પ્રશ્ન-8 નીચેનાં શબ્દોના સમાનર્થી શબ્દો લખો. 02**

(૧) ટેક (૨) ગુજરાન (૩) સદા (૪) રહમ